Registration No.:CC/ 129819/2021
Filing No.:CC/ 129819/2021
Filed On: 04/10/2021
Registered On :04/10/2021
Decided on : 12/03/2022
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHIEF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 129819/2021**

**Exh.06**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Mahetab Ahezazhusain Ansari,**
   **Age:23 , Occupation:Labour Work,**
   **Reside At: 380, Noornagar,**
   **Nr. Gulasan Bakery, Rakhiyal , Ahmedabad.**

Appearance :
Miss. M. A.Macwan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

## ગુનોઃ પ્રોહી.ની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબ.

## –: J U D G E M E N T :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૨૦/૦૬/૨૦૨૧ના કલાક ૧૮:૩૦ વાગ્યે મોજે સૈજપુર ટાવર પાસે જાહેરમાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં લવારી કરતો લથડયાં ખાતો મળી આવેલ તે મતલબની ફરીયાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.રજી. નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૯૦૩/૨૦૨૧થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપી વિરુઘ્ઘ પુરતો પુરાવો મળી આવતાં તપાસનીસ અધિકારીએ ધી પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનું હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મૂલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી પ્લી લેતાં, ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે પ્રોહી એકટની કલમ ૮૫(૧) તળેના ગુના સબબ આંક–૧ તળે ડિસ્ચાર્જ કરેલ છે.

(૪) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ

ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે કલમ–૬૬(૧)(બી) તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળતા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આ કામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજનં.૭૦૯ પરનો સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરલાલ હરીચંદ્ જી.ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લેતાં પુરતાં વ્યાજબી કારણો હોયતો કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં કરેલ ન્યુનતમ સજા કરતા હળવી સજા કરવાની સત્તા રહેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીને ધી પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ.૫૦૦–(પાંચસો રૂપિયા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન–૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ માં સ્પેશીચલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 12-03-2022**
**Place :SPECIAL SITTING AHMEDABAD**

**(MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI)**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**